આંગણવાડી કાર્યકર/તેડાગર માટેના

તાલીમ નિયમો

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૨૬૫૮/બ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૦૪/૦૯/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ (પાર્ટ-૨).

પ્રસ્તાવના:

વંચાણે લીધા (૧) ના ઠરાવથી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદ સેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો નક્કી કરવામાં આવેલ છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત ૦-૬ વર્ષના બાળકોને પુરક પોષણ, પૂર્વ શાળા શિક્ષણ, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને ૧૫-૧૮ વર્ષની કિશોરીઓ માટેની પુરક પોષણ અને આરોગ્ય શિક્ષણની યોજનાઓ તેમજ રસીકરણ કાર્યક્રમ આંગણવાડી કેન્દ્રો મારફત ચલાવવામાં આવે છે. બાળકોના પોષણ સ્તરમાં નોંધપાત્ર સુધારો થાય તે આશયથી કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮ થી રાષ્ટ્રીય પોષણ અભિયાન અને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦ થી પોષણ અભિયાન અમલમાં મુકવામાં આવેલ છે.

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વિવિધ લાભાર્થીઓને આપવાના થતા લાભો અને સેવાઓ તેઓને સમયસર મળે તેમજ તે બાબતોનું રીયલ ટાઈમ મોનીટરીંગ થાય, એ હેતુ સિદ્ધ કરવાની સાથે આંગણવાડી કાર્યકરોને રીપોર્ટીંગનું કાર્યભારણ ઘટે તે માટે આંગણવાડી કાર્યકરોને સ્માર્ટફોન આપવામાં આવેલ છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કાર્યરત આંગણવાડી કાર્યકર તથા તેડાગરોને યોજનાના હેતુ, ધ્યેય, વિવિધ વિષયો, પ્રક્રિયાઓ તથા સેવાઓની વિસ્તૃત સમજ આપી શકાય તે માટે તાલીમ આપવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ યોજનાના અસરકારક અમલીકરણ માટે તાલીમની પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા અને તેના સાર્વત્રિક અમલ માટે તાલીમના નિયમો બનાવવાની બાબત વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે આંગણવાડી કાર્યકર/તેડાગરના તાલીમ નિયમો નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

## //ઠરાવ//

1. આ નિયમો આંગણવાડી કાર્યકર/તેડાગર માટેના તાલીમ નિયમો તરીકે ઓળખાશે અને આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી અમલમાં આવશે.
2. આંગણવાડી કાર્યકરે તેની નિમણૂક સમયે પૂર્વ સેવા તાલીમ/ઈન્ડક્શન તાલીમ અને સેવાકાળ દરમ્યાન રીફ્રેશર તાલીમ એમ બે પ્રકારની તાલીમ લેવાની રહેશે. (પરિશિષ્ટ-૧ અને ૨) આંગણવાડી તેડાગરે તેની નિમણૂક સમયે પૂર્વસેવા તાલીમ અને સેવાકાળ દરમ્યાન રીફ્રેશર તાલીમ એમ બે પ્રકારની તાલીમ લેવાની રહેશે. (પરિશિષ્ટ-૩ અને ૪)
3. કેંદ્ર અને રાજય સરકારની વખતોવખતની સુચનાઓ અનુસાર ખાતાની વડી કચેરીએ આંગણવાડી કાર્યકર/તેડાગર માટેની થીમ બેઈઝ તાલીમ લાગુ કરવાની રહેશે. આંગણવાડી કાર્યકર/તેડાગરો માટે આ તાલીમો ફરજિયાત રહેશે. તાલીમના પ્રકારોમાં ઈ-લર્નિંગ અને સેટકોમ તાલીમનો પણ સમાવેશ કરવાનો રહેશે.
4. તાલીમ અંગે બેદરકારી રાખનાર અને તાલીમ સંતોષકારક પૂર્ણ કરવામાં નિષ્ફળ જનાર આંગણવાડી કાર્યકર/તેડાગર સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
5. પૂર્વસેવા તાલીમ, ઈન્ડક્શન તાલીમ અને રીફ્રેશર તાલીમ નીચે દર્શાવેલ શરતો મુજબ લેવાની રહેશે:

5.1 આંગણવાડી કાર્યકર/તેડાગરની પૂર્વ સેવા તાલીમ:

(ક) માનદ સેવામાં હાજર થયા તારીખથી નવી ભરતીની આંગણવાડી કાર્યકર/તેડાગરે પૂર્વ સેવા તાલીમ એક વર્ષમાં સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે.

(ખ) સંબંધિત સેજાની મુખ્યસેવિકાએ નવી ભરતીની આંગણવાડી કાર્યકર/તેડાગરના પૂર્વ સેવા તાલીમ માટે નામ નોંધાવવાનાં રહેશે તેમજ સમયસર તાલીમ પૂર્ણ થાય, એ સુનિશ્ચિત કરવાનું રહેશે. આ અંગેનું નિરીક્ષણ કરવાની અને પ્રોગ્રામ અધિકારીની સાથે સ્થાનિક કક્ષાએ સંકલન કરવાની જવાબદારી સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારીની રહેશે.

(ગ) પૂર્વસેવા તાલીમ માટે માનદ સેવામાં હાજર થયા તારીખથી પ્રથમ ૬ (છ) મહિનાનો સમયગાળો માનદ વેતનના કાપ વગરનો રહેશે. આ સમયગાળા દરમ્યાન આંગણવાડી કાર્યકર/તેડાગર સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ ન કરી શકે એવા કિસ્સામાં ૬ (છ) મહિનાનો વધારાનો સમય (ગ્રેસ પિરીયડ) આપવાનો રહેશે તેમજ આ વધારાના સમય દરમ્યાન આંગણવાડી કાર્યકર/તેડાગરના માનદ વેતનમાં ૧૦% ની કપાત કરવાની રહેશે અને જે મહિનામાં આંગણવાડી કાર્યકર/તેડાગર બાકી રહેલ પૂર્વસેવા તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ

કરશે, તે મહિનાથી તેઓના માનદ વેતનમાં મુકવામાં આવેલ ૧૦% નો કાપ દૂર કરી તેઓને તે મહિનાથી જ પૂર્ણ માનદ વેતન આપવાનું રહેશે, પરંતુ અગાઉ કરેલ કપાતની રકમ તેઓને મળવાપાત્ર થશે નહીં.

(ઘ) અનિવાર્ય સંજોગોમાં માનદ સેવામાં હાજર થયા સમયે નવી ભરતીની આંગણવાડી કાર્યકર/તેડાગર માટે પૂર્વ સેવા તાલીમનું આયોજન થઈ શકે તેમ ના હોય અથવા આંગણવાડી સંચાલનમાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે આંગણવાડી કાર્યકર/તેડાગરની સેવાઓની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં બાળ વિકાસ યોજના અધિકારીએ પ્રોગ્રામ અધિકારીની મંજુરીથી સંબંધિત કાર્યકર/તેડાગરને પૂર્વસેવા તાલીમના ભાગ-૨ (હેન્ડસ-ઓન તાલીમ) માંથી મુક્તિ આપવાની રહેશે અને ભાગ-૧ (નિવાસી તાલીમ) પૂર્ણ કરવા વધુમાં વધું એક વર્ષનો વધારાનો સમય (ગ્રેસ પિરિયડ) આપી શકાશે અને આ સમયગાળામાં એમની તાલીમનું આયોજન થાય એ સંબંધિત મુખ્યસેવિકાએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

(ચ) પૂર્વસેવા તાલીમ લીધેલ નથી એવા હાલ માનદ સેવામાં ફરજ બજાવતા કાર્યકર/તેડાગરોએ આ નિયમો જે તારીખથી લાગુ થાય તે તારીખથી એક વર્ષના સમયગાળામાં પૂર્વસેવા તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે, જે અંગેના અયોજનની જવાબદારી સંબંધિત મુખ્ય સેવિકા, બાળ વિકાસ યોજના અધિકારી અને પ્રોગ્રામ અધિકારીશ્રીની રહેશે. વહીવટી આયોજનના અભાવમાં માનદ વેતનની કોઈ પણ કપાત વગરનો વધારાનો છ માસનો સમય (ગ્રેસ પિરિયડ) આપવાનો રહેશે પરંતુ અંગત કારણોસર તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ ન કરી શકે તેવા કાર્યકર/તેડાગરોને મુદ્દા(ગ) અને (છ)ની અનુક્રમે માનદ વેતનમાં ૧૦% કપાત કરવાની તથા માનદ સેવામાંથી દૂર કરવાની જોગવાઈ લાગુ પડશે.

(છ) વધારાના સમય (ગ્રેસ પિરિયડ)ના અંત સુધીમાં પૂર્વસેવા તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ ન કરનાર આંગણવાડી કાર્યકર/તેડાગરને માનદ સેવામાંથી દૂર કરવાની કાર્યવાહી બાળ વિકાસ યોજના અધિકારીએ કરવાની રહેશે. માનદ સેવામાંથી દૂર કરવાની કાર્યવાહીના ભાગરૂપે સદર આંગણવાડી કાર્યકર/તેડાગરને પોતાનો પક્ષ રજુ કરવાની તક આપવાની રહેશે. ત્યારબાદ બાળ વિકાસ યોજના અધિકારી દ્વારા અંતિમ નિર્ણય લેખિતમાં કરવાનો રહેશે.

5.2 આંગણવાડી તેડાગરમાંથી અગ્રતાના ધોરણે પસંદગી પામેલ આંગણવાડી કાર્યકર માટે ઈન્ડક્શન તાલીમ

(ક) આંગણવાડી તેડાગરમાંથી અગ્રતાના ધોરણે પસંદગી પામેલ આંગણવાડી કાર્યકરે હાજર થયા તારીખથી ઈન્ડક્શન તાલીમ એક વર્ષમાં સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે.

(ખ) સંબંધિત સેજાની મુખ્યસેવિકાએ અગ્રતાના ધોરણે પસંદગી પામેલ આંગણવાડી કાર્યકરના ઈન્ડક્શન તાલીમ માટે નામ નોંધાવવાનાં રહેશે તેમજ સમયસર તાલીમ પૂર્ણ થાય એ સુનિશ્ચિત કરવાનું રહેશે. આ અંગેનું નિરીક્ષણ કરવાની અને પ્રોગ્રામ અધિકારીની સાથે સ્થાનિક કક્ષાએ સંકલન કરવાની જવાબદારી સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારીની રહેશે.

(ગ) ઈન્ડક્શન તાલીમ માટે પ્રથમ ૬ (છ) મહિનાનો સમયગાળો માનદ વેતનના કાપ વગરનો રહેશે. આ સમયગાળા દરમ્યાન આંગણવાડી કાર્યકર સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ ન કરી શકે એવા કિસ્સામાં ૬ (છ) મહિનાનો વધારાનો સમય (ગ્રેસ પિરીયડ) આપવાનો રહેશે તેમજ આ વધારાના સમય દરમ્યાન આંગણવાડી કાર્યકરના માનદ વેતનમાં ૧૦% ની કપાત કરવાની રહેશે અને જે મહિનામાં આંગણવાડી કાર્યકર બાકી રહેલ ઈન્ડક્શન તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ કરશે, તે મહિનાથી તેઓના માનદ વેતનમાં મુકવામાં આવેલ ૧૦% નો કાપ દૂર કરી તેઓને તે મહિનાથી જ પૂર્ણ માનદ વેતન આપવાનું રહેશે, પરંતુ અગાઉ કરેલ કપાતની રકમ તેઓને મળવાપાત્ર થશે નહીં.

(ઘ) ઈન્ડક્શન તાલીમ લીધેલ નથી એવા હાલ માનદ સેવામાં ફરજ બજાવતા કાર્યકરોએ આ નિયમો જે તારીખથી લાગુ થાય તે તારીખથી એક વર્ષના સમયગાળામાં ઈન્ડક્શન તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે, જે અંગેના આયોજનની જવાબદારી સંબંધિત મુખ્ય સેવિકા, બાળ વિકાસ યોજના અધિકારી અને પ્રોગ્રામ અધિકારીશ્રીની રહેશે. વહીવટી આયોજનના અભાવમાં માનદ વેતનની કોઈ પણ કપાત વગરનો વધારાનો છ માસનો સમય (ગ્રેસ પિરિયડ) આપવાનો રહેશે પરંતુ અંગત કારણોસર તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ ન કરી શકે તેવા કાર્યકરોને મુદ્દા (ગ) અને (ચ) ની અનુક્રમે માનદ વેતનમાં ૧૦% કપાતની તથા માનદ સેવામાંથી દૂર કરવાની જોગવાઈ લાગુ પડશે.

(ચ) વધારાના સમય (ગ્રેસ પિરિયડ)ના અંત સુધીમાં ઈન્ડક્શન તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ ન કરનાર આંગણવાડી કાર્યકરને માનદ સેવામાંથી દૂર કરવાની કાર્યવાહી બાળ વિકાસ યોજના અધિકારીએ કરવાની રહેશે. માનદ સેવામાંથી દૂર કરવાની કાર્યવાહીના ભાગરૂપે

સદર આંગણવાડી કાર્યકરને પોતાનો પક્ષ રજુ કરવાની તક આપવાની રહેશે. ત્યારબાદ બાળ વિકાસ યોજના અધિકારી દ્વારા અંતિમ નિર્ણય લેખિતમાં કરવાનો રહેશે.

5.3 આંગણવાડી કાર્યકર/તેડાગરની રીફ્રેશર તાલીમ

(ક) આંગણવાડી કાર્યકર/તેડાગરે દર બે નાણાકીય વર્ષમાં એક રીફ્રેશર તાલીમ પૂર્ણ કરવાની રહેશે. નવ-નિયુક્ત આંગણવાડી કાર્યકર દ્વારા પૂર્વસેવા તાલીમ/ઈન્ડક્શન તાલીમ તથા આંગણવાડી તેડાગર દ્વારા પૂર્વ સેવા તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ કર્યાનું નાણાકીય વર્ષ અને ત્યાર પછીનું નાણાંકીય વર્ષ એવા બે વર્ષના સમયગાળા પછી દર બે નાણાકીય વર્ષમાં એક રીફ્રેશર તાલીમ પૂર્ણ કરવાની રહેશે.

(ખ) રીફ્રેશર તાલીમ માટે મુખ્યસેવિકા દ્વારા આંગણવાડી કાર્યકર/તેડાગરના નામ નોંધવાના રહેશે. આ અંગેનું નિરીક્ષણ કરવાની અને પ્રોગ્રામ અધિકારીની સાથે સ્થાનિક કક્ષાએ સંકલન કરવાની જવાબદારી સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારીની રહેશે.

(ગ) દર બે નાણાંકીય વર્ષે એક રીફ્રેશર તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ ન કરે એવા આંગણવાડી કાર્યકર/તેડાગરને ત્રીજા નાણાંકીય વર્ષ માટેનો વધારાનો સમય (ગ્રેસ પિરિયડ) આપવાનો રહેશે તેમજ આ સમયગાળા દરમ્યાન સંબંધિત આંગણવાડી કાર્યકર/તેડાગરના માનદ વેતનમાં ૧૦% નો કાપ મુકવાનો રહેશે. વધારાના સમય (ગ્રેસ પિરિયડ) ના જે મહિનામાં કાર્યકર/તેડાગર રીફ્રેશર તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ કરશે તે મહિનાથી તેઓના માનદ વેતનમાં મુકવામાં આવેલ ૧૦% નો કાપ દૂર કરી તેઓને પૂર્ણ માનદ વેતન આપવાનું રહેશે. પરંતુ અગાઉ કરેલ કપાતની રકમ તેઓને મળવાપાત્ર થશે નહીં. વહીવટી કારણોસર તાલીમનું આયોજન ન થઈ શકે અથવા આંગણવાડી કાર્યકર/તેડાગરનો તાલીમ બેંચમાં સમાવેશ ન થઈ શકે એવા કિસ્સામાં આ જોગવાઈ લાગુ પડશે નહિ.

(ઘ) વધારાના સમય (ગ્રેસ પિરિયડ)ના અંત સુધીમાં રીફ્રેશર તાલીમ પૂર્ણ ન કરનાર આંગણવાડી કાર્યકર/તેડાગર માટે રીફ્રેશર તાલીમનો સદર તબક્કો જતો રહેશે. સદર બાબતની નોંધ તેઓની માનદ સેવાપોથીમાં કરવામાં આવશે. સંબંધિત આંગણવાડી કાર્યકર/તેડાગર માટે ત્યાર પછી બે વર્ષનો આગામી તબક્કો શરૂ થશે.

6. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૦૮/૨૦૨૦ અને સરકારશ્રીની તા.૨૫/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(1) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(2) માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(3) માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(4) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(5) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(6) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(7) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(8) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(9) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ..........................
(10) તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ..............................
(11) તમામ વિભાગીય નાયબ નિયામકશ્રી, ............................
(12) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, જિ...........................
(13) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, .......................
(14) નાણાં સલાકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(15) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(16) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(17) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ શાખાઓ.
(18) સિલેકટ ફાઇલ.

(મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૨૬૫૮/બ.૧, તા. ૦૪/૦૯/૨૦૨૦)

## પરિશિષ્ટ -૧

## આંગણવાડી કાર્યકરના તાલીમ નિયમો

આંગણવાડી દ્વારા વિતરણ કરવામાં આવતી વિવિધ સેવાઓ અંગે માહિતગાર કરવા માટે અને આંગણવાડી સંચાલનમાં તેઓની ભૂમિકા, કાર્યો અને ફરજોની સમજ સ્પષ્ટ બને તે માટે આંગણવાડી કાર્યકરના કાર્યકાળમાં પૂર્વસેવા તાલીમ/ઈન્ડક્શન તાલીમ તથા આંગણવાડી સંચાલનની નવી બાબતો અને નવા માપદંડો અંગે માહિતગાર કરવા દર બે વર્ષે રીફ્રેશર તાલીમ લેવાની રહેશે, જે નીચે દર્શાવ્યા મુજબ છે:

### 1. પૂર્વસેવા તાલીમ

(૧) આંગણવાડી કાર્યકરની માનદસેવામાં નવા જોડાયેલ માનદકર્મીઓએ પૂર્વસેવા તાલીમ લેવાની રહેશે તેમજ આ તાલીમ હાજર થયેથી એક વર્ષમાં સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે.

(૨) પૂર્વસેવા તાલીમનો સમયગાળો ૬૦ (સાઠ) દિવસનો રહેશે. સદર તાલીમ પરિશિષ્ટ-૨માં જણાવ્યા મુજબ બે ભાગમાં લેવાની રહેશે. ભાગ-૧ અંતર્ગત તાલીમ સંસ્થામાં ૩૨ (બત્રીસ) દિવસની નિવાસી તાલીમ અને ભાગ-૨ અંતર્ગત ૨૮ (અઠયાવીસ) દિવસની હેન્ડસ-ઓન તાલીમ લેવાની રહેશે.

(૩) રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થા (NIPCCD) દ્વારા નક્કી કરવામાં આવેલ અભ્યાસક્રમ મુજબ મહત્તમ ૩૫ તાલીમાર્થીઓની બેચ સાઈઝમાં ભાગ-૧ ની તાલીમ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયત થયેલ તાલીમ સંસ્થાએ આપવાની રહેશે. ભાગ-૧ ની નિવાસી તાલીમ દરમ્યાન તાલીમાર્થીને રહેવાની અને જમવાની વ્યવસ્થા તાલીમ સંસ્થા દ્વારા પૂરી પાડવાની રહેશે. તાલીમમાં હાજર થનાર દરેક આંગણવાડી કાર્યકરને રૂ. ૪૫૦/- નું પ્રવાસ ભથ્થું મળવાપાત્ર થશે. તાલીમ પૂર્ણ થયેથી મૂલ્યાંકનનાં ભાગરૂપે તાલીમાન્ત પરીક્ષા લેવાની રહેશે. તાલીમાન્ત પરીક્ષા પાસ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવાનું રહેશે તેમજ આ અંગે બાળ વિકાસ યોજના અધિકારી દ્વારા માનદ સેવાપોથીમાં તેની નોંધ કરવાની રહેશે. પૂર્વસેવા તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ કરનાર આંગણવાડી કાર્યકરને રૂ. ૧,૦૦૦/- પ્રોત્સાહન ભથ્થું મળવાપાત્ર થશે.

(૪) પૂર્વસેવા તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર, ગેરશિસ્ત-ગેરવર્તણૂક દાખવનાર તાલીમાર્થીઓને ગેરલાયક જાહેર કરવામાં આવશે તથા ફરીથી તાલીમ લેવાની થાય ત્યારે અગાઉ લીધેલ તાલીમના દિવસો બાદ મળવાપાત્ર થશે નહીં. આ અંગે તાલીમ સંસ્થાનો નિર્ણય અંતિમ રહેશે.

ગેરલાયક ઠરેલ તાલીમાર્થીને સ્વખર્ચે નિયત થયેલ પૂર્વસેવા તાલીમ લેવા માટે માત્ર એક જ તક આપવાની રહેશે.

(૫) પૂર્વસેવા તાલીમાન્ત મૂલ્યાંકન/ પરીક્ષામાં પાસ ન થનાર કાર્યકરોએ ત્યાર પછી સ્વખર્ચે સદર તાલીમાન્ત પરીક્ષા વધારાની બે તકમાં પાસ કરવાની રહેશે. તાલીમાન્ત પરીક્ષા પાસ કરવાની ઉપરોક્ત ત્રણ તકમાં પણ જો તાલીમાર્થી પરીક્ષા પાસ ના કરે તો વધારાની એક કૃપા તક આપવા અંગેનો નિર્ણય બાળ વિકાસ યોજના અધિકારીએ જિલ્લાના પ્રોગ્રામ અધિકારીની મંજૂરીથી કરવાનો રહેશે.

(૬) વહીવટી કારણોસર આંગણવાડી કાર્યકરની પૂર્વસેવા તાલીમ લેવાયેલ ન હોય ત્યારે આંગણવાડી કાર્યકરે ઇન્ડકશન તાલીમ અંતર્ગત ભાગ-૧ ની ૮ દિવસની નિવાસી તાલીમ લેવાની રહેશે. ત્યારબાદ જ્યારે પૂર્વસેવા તાલીમ ગોઠવાય ત્યારે ફરજીયાત ૩૨ દિવસની ભાગ -૧ ની નિવાસી તાલીમ લેવાની રહેશે પરંતુ પૂર્વ સેવા તાલીમના ભાગ-૨ની હેન્ડસ-ઓન તાલીમમાંથી મુક્તિ મળવાપાત્ર થશે.

(૭) પૂર્વ સેવા તાલીમના ભાગ-૨ની ૨૮ (અઠયાવીસ) દિવસની હેન્ડસ-ઓન તાલીમના પ્રથમ અઠવાડિયા દરમ્યાન આંગણવાડી કાર્યકર જે આંગણવાડીમાં માનદ સેવાકર્મી તરીકે જોડાવાના છે તે આંગણવાડીના હાલના અથવા નિવૃત્ત થયેલા કાર્યકર/તેડાગર પાસેથી આંગણવાડીમાં નોંધાયેલ લાભાર્થી, આંગણવાડીનું સંચાલન, સ્માર્ટ ફોનનો ઉપયોગ, આંગણવાડીના અન્ય સાધનો અને સુવિધા વગેરેની પ્રત્યક્ષ માહિતી મેળવવાની રહેશે. હેન્ડસ-ઓન તાલીમના બીજા અને ત્રીજા અઠવાડિયા દરમિયાન તાલીમાર્થી કાર્યકરને સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી તથા મુખ્ય સેવિકાએ સેજા/ઘટક/પેટા આરોગ્ય કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અન્ય કચેરી/વિભાગો સાથે સંકલનની તાલીમ આપવાની રહેશે. હેન્ડસ-ઓન તાલીમના ચોથા અઠવાડિયામાં તાલીમાર્થી કાર્યકરને ફરી સંબંધિત આંગણવાડીનાં સંચાલન અંગે હાલના અથવા નિવૃત્ત થયેલા કાર્યકર/તેડાગર પાસેથી માહિતી મેળવવાની રહેશે.

## 2. ઈન્ડકશન તાલીમ

(૧) આંગણવાડી તેડાગરમાંથી અગ્રતાના ધોરણે પસંદગી પામેલા આંગાણવાડી કાર્યકરે ઈન્ડકશન તાલીમ લેવાની રહેશે તેમજ આ તાલીમ એક વર્ષમાં સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે.

(૨) ઈન્ડકશન તાલીમનો સમયગાળો ત્રીસ દિવસનો રહેશે. સદર તાલીમ બે ભાગમાં લેવાની રહેશે. ભાગ-૧ અંતર્ગત તાલીમ સંસ્થામાં આઠ દિવસની નિવાસી તાલીમ અને ભાગ-૨ અંતર્ગત બાવીસ દિવસની હેન્ડસ-ઓન તાલીમ લેવાની રહેશે.

(૩) રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થા (NIPCCD) દ્વારા નક્કી કરવામાં આવેલ અભ્યાસક્રમ મુજબ મહત્તમ ૨૦ તાલીમાર્થીઓની બેચ સાઈઝમાં ભાગ-૧ ની તાલીમ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયત થયેલી તાલીમ સંસ્થાએ આપવાની રહેશે. ભાગ-૧ ની નિવાસી તાલીમ દરમ્યાન તાલીમાર્થીને રહેવાની અને જમવાની વ્યવસ્થા તાલીમ સંસ્થાએ પૂરી પાડવાની રહેશે. તાલીમમાં હાજર થનાર આંગણવાડી કાર્યકરને રૂ. ૪૫૦/- નું પ્રવાસ ભથ્થું મળવાપાત્ર થશે. તાલીમ પૂર્ણ થયેથી મૂલ્યાંકનના ભાગરૂપે તાલીમાન્ત પરીક્ષા આપવાની રહેશે. તાલીમાન્ત પરીક્ષા પાસ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવાનું રહેશે તેમજ આ અંગે સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી દ્વારા તેઓની માનદ સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે.

(૪) ઈન્ડકશન તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર, ગેરશિસ્ત-ગેરવર્તણુક દાખવનાર તાલીમાર્થીઓને ગેરલાયક જાહેર કરવામાં આવશે તથા ફરીથી તાલીમ લેવાની થાય ત્યારે અગાઉ લીધેલ તાલીમના દિવસો બાદ મળવાપાત્ર રહેશે નહીં. આ અંગે તાલીમ સંસ્થાનો નિર્ણય અંતિમ રહેશે. ગેરલાયક ઠરેલ તાલીમાર્થીને નિયત થયેલ ઈન્ડકશન તાલીમ નિયમોનુસાર લેવા માટે વધુમા વધુ એક જ તક આપવાની રહેશે.

(૫) ઈન્ડકશન તાલીમમાં તાલીમાન્ત મૂલ્યાંકન/ પરીક્ષામાં પાસ ન થનાર કાર્યકરોએ ત્યાર પછી સ્વખર્ચે સદર તાલીમાન્ત પરીક્ષા વધારાની બે તકમાં પૂર્ણ કરવાની રહેશે. તાલીમાન્ત પરીક્ષા પૂર્ણ કરવાની ઉપરોક્ત ત્રણ તકમાં પણ જો તાલીમાર્થી પરીક્ષા પૂર્ણ ના કરે તો વધારાની એક કૃપા તક આપવા અંગેનો નિર્ણય બાળ વિકાસ યોજના અધિકારી જિલ્લાના પ્રોગ્રામ અધિકારીની મંજૂરીથી કરી શકશે.

(૬) ઈન્ડક્શન તાલીમના ભાગ-૨ ની ૨૨ (બાવીસ) દિવસની હેન્ડસ-ઓન તાલીમના પ્રથમ અઠવાડિયામાં આંગણવાડી કાર્યકરે ફરજના આંગણવાડી કેન્દ્રમાં તે આંગણવાડીના નિવૃત્ત થયેલ આંગણવાડી કાર્યકર પાસેથી આંગણવાડીમાં નોંધાયેલ લાભાર્થી, આંગણવાડીનું સંચાલન, સ્માર્ટ ફોનનો ઉપયોગ, આંગણવાડીના સાધનો અને સુવિધા વગેરેની પ્રત્યક્ષ માહિતી મેળવવાની રહેશે. હેન્ડસ-ઓન તાલીમના બીજા અને ત્રીજા અઠવાડિયામાં તાલીમાર્થી કાર્યકરને સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી તથા મુખ્યસેવિકાએ સેજા/ઘટક/પેટા આરોગ્ય કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અન્ય કચેરી/વિભાગો સાથે સંકલનની તાલીમ આપવાની રહેશે.

## ૩. રીફ્રેશર તાલીમ

(૧) આંગણવાડી સંચાલનની નવી બાબતો અને નવા માપદંડો અંગે માહિતગાર થવા દર બે વર્ષે આંગણવાડી કાર્યકરે રીફ્રેશર તાલીમ લેવાની રહેશે.

(૨) રીફ્રેશર તાલીમનો સમયગાળો ૭ (સાત) દિવસનો રહેશે. રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થા (NIPCCD) દ્વારા નક્કી કરવામાં આવેલ અભ્યાસક્રમ મુજબ મહત્તમ ૪૦ તાલીમાર્થીઓની બેચ સાઈઝમાં નિવાસી રીફ્રેશર તાલીમ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયત થયેલ તાલીમ સંસ્થાએ આપવાની રહેશે. તાલીમ દરમ્યાન તાલીમાર્થીને રહેવાની અને જમવાની વ્યવસ્થા તાલીમ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવશે. તાલીમમાં હાજર થનાર આંગણવાડી કાર્યકરને રૂ. ૪૫૦/- નું પ્રવાસ ભથ્થું મળવાપાત્ર થશે. તાલીમ પૂર્ણ થયેથી મૂલ્યાંકન કરવાનુ રહેશે. સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવાનું રહેશે તેમજ આ અંગે બાળ વિકાસ યોજના અધિકારીશ્રીએ માનદ સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે.

(3) રીફ્રેશર તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર, ગેરશિસ્ત-ગેરવર્તણુક દાખવનાર અને તાલીમાન્ત મૂલ્યાંકન/પરીક્ષામાં પાસ ન થનાર કાર્યકરોએ સ્વખર્ચે પુન: તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવાની રહેશે. આ બાબતે તાલીમ સંસ્થાનો નિર્ણય અંતિમ રહેશે. આંગણવાડી કાર્યકરે ફરીથી તાલીમ લેવાની થાય ત્યારે અગાઉ લીધેલ તાલીમના દિવસો બાદ મળવાપાત્ર રહેશે નહીં.

(મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૨૬૫૮/બ.૧, તા.૦૪/૦૯/૨૦૨૦)

<u>પરિશિષ્ટ – ૨</u>

## આંગણવાડી કાર્યકરે લેવાની થતી તાલીમની ટુંકમાં વિગતો

| તાલીમ | તાલીમ ક્યારે લેવાની? | ફરજ દરમ્યાન કેટલી વાર | પ્રવાસ ભથ્થું રૂ. | તાલીમનો સમયગાળો (દિવસ) | કામ કાજના દિવસો | બેચ દીઠ તાલીમાર્થીઓની સંખ્યા | અભ્યાસક્રમ | તાલીમાન્ત પરીક્ષા/ મુલ્યાંકન | તાલીમ સંસ્થા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. પૂર્વ-સેવા તાલીમ | | | | | | | | | |
| ભાગ-૧ નિવાસી તાલીમ | નવી નિમણુંક સમયે | ફક્ત એક વાર | ૪૫૦/- | ૩૨ | ૨૬ | ૩૫ | NIPCCD-GOI દ્વારા નિયત થયેલ | હા | AWTC |
| ભાગ-૨ હેન્ડસ ઓન તાલીમ | | | | | | | | | |
| અનુભવી જુના કાર્યકર સાથે | ભાગ-૧ નિવાસી તાલીમ લીધા બાદ | ફક્ત એક વાર | - | ૭ | ૬ | ૧ | ---- | હા | AWTC |
| સી.ડી.પી.ઓ. સાથે | જુના કાર્યકર સાથે તાલીમ લીધા બાદ | ફક્ત એક વાર | - | ૭ | ૬ | ભરતીની સંખ્યા મુજબ | ---- | હા | AWTC |
| મુખ્ય સેવિકા સાથે | સી.ડી.પી.ઓ. સાથે ની તાલીમ બાદ | ફકત એક વાર | - | ૭ | ૬ | ભરતીની સંખ્યા મુજબ | ---- | હા | AWTC |
| નિમણૂંક સ્થળે જુના કાર્યકર સાથે | મુખ્ય સેવિકા સાથેની તાલીમ બાદ | ફક્ત એક વાર | - | ૭ | ૬ | ૧ | ---- | હા | AWTC |
| | કુલ તાલીમનાં દિવસો | | | ૬૦ | ૫૦ | | | | |

| તાલીમ | તાલીમ ક્યારે લેવાની? | ફરજ દરમ્યાન કેટલી વાર | પ્રવાસ ભથ્થું રૂ. | તાલીમનો સમયગાળો (દિવસ) | કામ કાજના દિવસો | બેચ દીઠ તાલીમાર્થીઓની સંખ્યા | અભ્યાસક્રમ | તાલીમાન્ત પરીક્ષા/ મુલ્યાંકન | તાલીમ સંસ્થા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **૨. ઈન્ડક્શન તાલીમ** | | | | | | | | | |
| ભાગ-૧ નિવાસી તાલીમ | તેડાગરમાંથી કાર્યકર તરીકે પસંદગી થતા નિમણુંક સમયે | ફક્ત એક વાર | ૪૫૦/- | ૮ | ૬ | ૨૦ | NIPCCD- GOI દ્વારા નિયત થયેલ | હા | AWTC |
| ભાગ-૨ હેન્ડ્સ ઓન તાલીમ | | | | | | | | | |
| જુના કાર્યકર સાથે | ભાગ-૧ નિવાસી તાલીમ લીધા બાદ | ફક્ત એક વાર | - | ૮ | ૭ | ૧ | ---- | હા | AWTC |
| સી.ડી.પી.ઓ. સાથે | જુના કાર્યકર સાથે તાલીમ લીધા બાદ | ફકત એક વાર | - | ૭ | ૬ | ભરતીની સંખ્યા મુજબ | ---- | હા | AWTC |
| મુખ્ય સેવિકા સાથે | સી.ડી.પી.ઓ. સાથે ની તાલીમ બાદ | ફકત એક વાર | - | ૭ | ૬ | ભરતીની સંખ્યા મુજબ | | હા | AWTC |
| | કુલ તાલીમનાં દિવસો | | | ૩૦ | ૨૫ | | | | |
| **૩. રિફ્રેશર તાલીમ** | | | | | | | | | |
| નિવાસી તાલીમ | દર બે વર્ષે | ૩૦ વર્ષનાં સેવાકાળમાં ૧૫ વાર | ૪૫૦/- | ૭ | ૫ | ૪૦ | NIPCCD- GOI દ્વારા નિયત થયેલ | હાં | AWTC |

*** પૂર્વસેવા તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ કરનાર કાર્યકરને રૂ. ૧૦૦૦/- પ્રોત્સાહન ભથ્થું મળવાપાત્ર રહેશે.

(મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૨૬૫૮/બ.૧, તા. ૦૪/૦૯/૨૦૨૦)

## પરિશિષ્ટ -૩

## આંગણવાડી તેડાગરના તાલીમ નિયમો

આંગણવાડી દ્વારા વિતરણ કરવામાં આવતી વિવિધ સેવાઓ અંગે માહિતગાર કરવા માટે અને આંગણવાડી સંચાલનમાં તેઓની ભૂમિકા, કાર્યો અને ફરજોની સમજ સ્પષ્ટ બને તે માટે આંગણવાડી તેડાગર તરીકેની માનદસેવાની શરૂઆતમાં એક વાર પૂર્વસેવા તાલીમ તથા આંગણવાડી સંચાલનની નવી બાબતો અને નવા માપદંડો અંગે માહિતગાર થવા દર બે વર્ષે રીફ્રેશર તાલીમ લેવાની રહેશે, જે નીચે મુજબ છે:

### 1. પૂર્વસેવા તાલીમ

(૧) આંગણવાડી તેડાગરે માનદ સેવામાં જોડાયા સમયે પૂર્વસેવા (ઓરીએન્ટેશન) તાલીમ લેવાની રહેશે. તેમજ આ તાલીમ એક વર્ષમાં સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે.

(૨) પૂર્વસેવા તાલીમનો સમયગાળો ૧૫ (પંદર) દિવસનો રહેશે. સદર તાલીમ બે ભાગમાં લેવાની રહેશે. ભાગ-૧ અંતર્ગત તાલીમ સંસ્થામાં ૮ (આઠ) દિવસની નિવાસી તાલીમ અને ભાગ-૨ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં ૭ (સાત) દિવસની હેન્ડસ-ઓન તાલીમ લેવાની રહેશે.

(3) રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થા (NIPCCD) દ્વારા નક્કી કરવામાં આવેલ અભ્યાસક્રમ મુજબ મહત્તમ ૫૦ તાલીમાર્થીઓની બેચ સાઈઝમાં ભાગ-૧ ની તાલીમ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયત થયેલ તાલીમ સંસ્થાએ આપવાની રહેશે. ભાગ-૧ની નિવાસી તાલીમ દરમ્યાન તાલીમાર્થીને રહેવાની અને જમવાની વ્યવસ્થા તાલીમ સંસ્થાએ પુરી પાડવાની રહેશે. તાલીમમાં હાજર થનાર તેડાગરને રૂ. ૪૫૦/- નું પ્રવાસ ભથ્થું મળવાપાત્ર થશે. તાલીમ પૂર્ણ થયેથી મૂલ્યાંકન કરવામાં આવશે. સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે, તેમજ આ અંગે બાળ વિકાસ યોજના અધિકારીએ માનદ સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે.

(૪) ભાગ-૧ ની નિવાસી તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર, ગેરશિસ્ત-ગેરવર્તણુક દાખવનાર તેડાગરને ગેરલાયક ઠેરવવામાં આવશે. આ અંગે તાલીમ સંસ્થાનો નિર્ણય અંતિમ રહેશે. ભાગ-૧ ની નિવાસી તાલીમ સંતોષકારક રીતે પૂર્ણ ન કરનાર તેડાગરે ત્યારબાદની તાલીમ સ્વખર્ચે પૂર્ણ કરવાની રહેશે.

(૫) ભાગ-૨ ની ૭ (સાત) દિવસની હેન્ડસ-ઓન તાલીમ ફરજના આંગણવાડી કેન્દ્રમાં જ લેવાની રહેશે. આ આંગણવાડી કેન્દ્રના કાર્યકર અને નિવૃત્ત તેડાગર દ્વારા તેઓને આંગણવાડીમાં નોંધાયેલ લાભાર્થી, આંગણવાડીના સાધનો અને સુવિધા વગેરેની પ્રત્યક્ષ માહિતી આપવાની રહેશે.

## 2. રીફ્રેશર તાલીમ

(૧) આંગણવાડી સંચાલનની નવી બાબતો અને નવા માપદંડો અંગે માહિતગાર થવા દર બે વર્ષે આંગણવાડી તેડાગરે રીફ્રેશર તાલીમ લેવાની રહેશે.

(૨) રીફ્રેશર તાલીમનો સમયગાળો ૫ (પાંચ) દિવસનો રહેશે. રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થા (NIPCCD) દ્વારા નક્કી કરવામાં આવેલ અભ્યાસક્રમ મુજબ મહત્તમ ૫૦ તાલીમાર્થીઓની બેચ સાઈઝમાં નિવાસી રીફ્રેશર તાલીમ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિયત થયેલ તાલીમ સંસ્થાએ આપવાની રહેશે. તાલીમ દરમ્યાન તાલીમાર્થીને રહેવાની અને જમવાની વ્યવસ્થા તાલીમ સંસ્થાએ પૂરી પાડવાની રહેશે. તાલીમમાં હાજર થનાર તેડાગરને રૂ. ૪૫૦/- નું પ્રવાસ ભથ્થું મળવાપાત્ર થશે. તાલીમ પૂર્ણ થયેથી મૂલ્યાંકન કરવામાં આવશે. સંતોષકારક રીતે તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ આ અંગે બાળ વિકાસ યોજના અધિકારીએ માનદ સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે.

(3) રીફ્રેશર તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર, ગેરશિસ્ત-ગેરવર્તણુક કરનાર તેમજ સફળતાપૂર્વક મૂલ્યાંકનમાં પાસ ન થનાર તાલીમાર્થીઓએ ત્યારબાદ સ્વખર્ચે સદર તાલીમ પૂર્ણ કરવાની રહેશે. આ બાબતે તાલીમ સંસ્થાનો નિર્ણય અંતિમ રહેશે.

(મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૨૬૫૮/બ.૧, તા.૦૪/૦૯/૨૦૨૦)

## પરિશિષ્ટ – ૪

## આંગણવાડી તેડાગરે લેવાની થતી તાલીમની ટુંકમાં વિગતો

| તાલીમનો પ્રકાર | તાલીમ ક્યારે લેવાની? | ફરજ દરમ્યાન કેટલી વાર | પ્રવાસ ભથ્થું રૂ. | તાલીમ સમયગાળો (દિવસ) | કામકાજ ના દિવસો | બેચ દીઠ તાલીમાર્થીઓ ની સંખ્યા | અભ્યાસક્રમ | તાલીમાન્ત મુલ્યાંકન/ પરીક્ષા | તાલીમ સંસ્થા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. પુર્વસેવા (ઓરિએન્ટેશન) તાલીમ | | | | | | | | | |
| ભાગ-૧ ની નિવાસી તાલીમ | નવી નિમણૂક સમયે | ફક્ત એક વાર | રૂ. ૪૫૦/- | ૮ | ૬ | ૫૦ | NIPCCD- GOI દ્વારા નિયત થયેલ | હા | AWTC |
| ભાગ -૨ હેન્ડસ ઓન તાલીમ | | | | | | | | | |
| આંગણવાડી કાર્યકર સાથે | નિવાસી તાલીમ બાદ | ફકત એક વાર | - | ૭ | ૬ | ૧ | ----- | હા | AWTC |
| કુલ તાલીમનાં દિવસો | | | | ૧૫ | ૧૨ | | | | |
| ૨. રિફ્રેશર તાલીમ | | | | | | | | | |
| નિવાસી તાલીમ | દર બે વર્ષે | ૩૦ વર્ષનાં સેવાકાળમાં ૧૫ વાર | રૂ. ૪૫૦/- | ૫ | ૪ | ૫૦ | NIPCCD- GOI દ્વારા નિયત થયેલ | હા | AWTC |